## GREENLAWNS HIGH SCHOOL

**For the Terminal Examination Year 2024** **Sub: Gujarati 2 Lang**

**Time: 3 Hours** **Class: IX** **Date:** **Full Marks: 80**

### SECTION A (40 Marks)

*(Attempt all questions from this **Section**)*

Question 1

Write a short composition in Gujarati of approximately 250 words on any one of the following topics.


પ્રશ્ન 1. નીચે ના વિષયોમાંથી કોઇ પણ એક વિષય પર ૨૫૦ શબ્દોમાં ગુજરાતી નિબંધ લખો. (15)

૧. દર એક ઋતુ નું પોતાનું આકર્ષણ હોય છે. તમને ગમતી ઋતુ કઈ છે? શા માટે ગમે છે? તે ઋતુ ની વિશેષતા જણાવો.

૨. કુદરત ના કોપ સામે માનવી ની લાચારી આ વિધાન ના તરફેણ માં તમારું મંતવ્ય સ્પષ્ટ કરો.

૩. બોલે તે ના બોર વેંચાય આ કહેવાતા ને સમજાવી વાર્તા કે પ્રસંગ લખો.

૪. નીચે આપેલું ચિત્ર જોઈ તમારા મન માં ઉઠતા ભાવો ને વાચા આપતો નિબંધ કે વાર્તા લખો.



Question 2

Write a letter in Gujarati in approximately 120 words on any one of the topics given below.

પ્રશ્ન 2. નીચે આપેલા કોઈ પણ એક વિષય પર લગભગ 120 શબ્દ માં ગુજરાતી માં પત્ર લખો. (7)

૧. દસમા ધોરણ માં પાસ થયા બાદ તમારી મહત્વકાંક્ષા વિષે વિગતો દર્શાવતો પત્ર તમારા પિતા ને લખો.

૨. તમે તમારા ઓળખીતા વિદેશી મહેમાનોં ને લઇ એક ગામડા ની મુલાકાતે જવો ચો. મહેમાનો ને સેમ વિશેષ રસ પડયો તેમના વિચારો જાણી મિત્ર ને પત્ર લખો.

Question 3

Read the passage below and answer in Gujarati the questions that follow using your own words.

નીચેનો પરિચ્છેદ વાંચો અને તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ ગુજરાતીમાં તમારા શબ્દોમાં લખો. (10)

એક ગુરુકુળના આચાર્યએ શિષ્યની સેવાથી ખુશ થઈ વિદ્યાભ્યાસ પૂરો થતાં આશીર્વાદ રૂપે શિષ્યને એક દર્પણ ભેટ આપ્યો.

આ કોઈ સાધારણ દર્પણ (અરીસો) ન હતો, દિવ્ય દર્પણ હતો. જેમાં સામેવાળી વ્યક્તિના મનના ભાવો દર્શાવવાની ક્ષમતા હતી. શિષ્ય ગુરુનો આશીર્વાદ મેળવી ખૂબ ખુશ થયો એને વિચાર આવ્યો, 'લાવ, આ દર્પણની ક્ષમતાને અહીં જ ચકાસી જોઉં,' પરીક્ષા લેવાની ઉતાવળમાં શિષ્યએ દર્પણનું મુખ સહુથી પહેલા ગુરુજી સામે રાખી દીધું.

શિષ્યને જોઈને આઘાત લાગ્યો કે દર્પણમાં ગુરુજીની ભણાવવા પ્રત્યેની નિષ્ઠા, પ્રેમ, એકાગ્રતાની સાથે સાથે ગુરુજીના હૃદયમાં મોહ, અહંકાર, ક્રોધ વગેરે દુર્ગુણો પણ સ્પષ્ટ દેખાતા હતા. શિષ્ય ગુરુના ગુણો જોવાને બદલે ગુરુના દોષ જોઈ દુ:ખી થયો. દુ:ખી મને એ દર્પણ લઈ ગુરુકુળથી નીકળ્યો તો ખરો પણ આખા રસ્તે એ જ વિચારતો રહ્યો કે જે ગુરુને આદર્શ માનતો હતો એમના માટે દર્પણ તો કંઇક બીજું જ બતાવે છે.

હવે તો બીજાને પરખવાનું યંત્ર જાણે તેના હાથમાં આવી ગયું હતું. એટલે જે મળે તેની પરીક્ષા લેવા લાગ્યો. એણે પોતાના મિત્રો સગાં વહાલા બધાની સામે દર્પણ રાખી તેમની પરીક્ષા કરી. પરંતુ શિષ્ય તેમાં બધાના અવગુણો જ જોવા લાગ્યો એ વિચારવા લાગ્યો સંસારમાં બધા ખરાબ કેવી રીતે થઈ ગયા ? જે દેખાય છે તે વાસ્તવિકતામાં એવા નથી. દુ:ખી હૃદયે અને આવા નિરાશાભર્યા વિચારે તે ઘરે પહોંચ્યો.

એના માતાપિતાને મળ્યો. પિતા સમાજના પ્રતિષ્ઠિત વ્યક્તિ હતા. માતાને તો લોકો સાક્ષાત દેવી જ સમજતા. શિષ્યએ તેના માતાપિતાની પરીક્ષા કરવાનું નક્કી કર્યું. એણે દર્પણ માતાપિતા તરફ રાખ્યું. હવે તેને માતાપિતામાં પણ કોઈને કોઈ અવગુણ દેખાયા. તેને લાગ્યું સંસારમાં કોઈ દુર્ગુણથી મુક્ત નથી, આખો સંસાર મિથ્યા છે. હવે શિષ્ય ખૂબ મૂંઝાયો. એણે દર્પણ ઉપાડયો અને ઝડપથી ચાલવા લાગ્યો. સીધો ગુરૂ સામે ઊભો રહી ગયો. ગુરૂજી તેને બેચેન જોઈ સમજી ગયા.

શિષ્યએ ગુરુને કહ્યું ‘તમે આપેલા દર્પણથી મેં જોયું તો દરેકના દિલમાં કોઇને કોઈ દોષ છે, કોઈપણ દોષરહિત વ્યક્તિ મને હજી સુધી કેમ નથી મળ્યો? ક્ષમા કરજો ગુરૂજી પરંતુ તમારામાં અને મારા માતાપિતામાં પણ મને દોષ દેખાયા’. ત્યારે ગુરૂજી હસ્યા અને તેમણે દર્પણનું મુખ શિષ્ય તરફ કર્યું.

દર્પણમાં પોતાના મનના પ્રત્યેક ખૂણામાં રાગ, દ્વેષ, અહંકાર, ક્રોધ જેવા દુર્ગુણો જોઈ શિષ્ય આશ્ચર્યચકિત થઈ ગયો. એના મનનો એવો કોઈ ખૂણો ન હતો જે નિર્મળ હોય.

ગુરુજી બોલ્યા, "આ દર્પણ મેં તને તારા પોતાના દુર્ગુણો જોઈ જીવનમાં પરિવર્તન લાવવા માટે આપ્યો હતો. બીજાના દુર્ગુણો શોધવા નહોતો આપ્યો. જેટલો સમય તે લોકોના દુર્ગુણો જોવામાં બગાડયો એટલો સમય તે પોતાના દુર્ગુણોને શોધી બદલવામાં લગાડ્યો હોત તો તારું વ્યક્તિત્વ બદલાઈ ગયું હોત."

મનુષ્યની આ જ નબળાઈ છે તે બીજાના દુર્ગુણોને જ જોતો રહે છે અને દુઃખી થાય છે. આપણે આપણાંમાં રહેલા સારા ગુણોને વધુ વિકસાવવા જોઈએ અને આપણી અંદર રહેલો દુર્ગુણોને કાઢવાનો પ્રયત્ન કરવો જોઈએ.

પ્રશ્નો :-

(૧) ગુરુએ શિષ્યને શી ભેટ આપી? તેની શી વિશેષતા હતી? (2)

(૨) શિષ્યએ દર્પણ સૌ પ્રથમ કોની સામે રાખ્યો? તેને શા માટે આઘાત લાગ્યો? (2)

(૩) શિષ્ય ક્યારે મૂંઝાયો? તેના મનમાં ક્યા વિચારો આવવા લાગ્યા? (2)

(૪) ગુરૂ પાસે પહોંચી શિષ્યએ શું કહ્યું? (2)

(૫) શિષ્યને કઈ વાતનું આશ્ચર્ય થયું? ગદ્યખંડમાંથી મળતો બોધ તમારા શબ્દમાં લખો. (2)

Question 4

Answer the following questions according to the instructions given below.

નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર સૂચના પ્રમાણે લખો.

I. નીચે આપેલા શબ્દ ની જોડણી સુધારી લખો. (1)
૧. શોભાગ્ય

II. નીચેના વાક્યમાં સંજ્ઞા શોધી પ્રકાર લખો. (1)
૧. કેદારનાથ ની યાત્રા માં યાત્રાળુ ઓ નો સંઘ ઉમટી પડયો.

III. નીચે આપેલા શબ્દ ની જાતિ (લિંગ) બદલી લખો. (1)
૧. સન્યાસી

IV. હાર નો દ્વિ અર્થ લખો. (1)

V. નીચે આપેલા વાક્ય નું કાળ બદલી લખો. (બંને કાળ)
૧. બપોરે સ્ત્રીઓ વાતો કરતી હતી (1)

VI. શબ્દ સમૂહ બદલે એક શબ્દ લખો.

૧. ઉપકાર ઉપર અપકાર (1)

VII. નીચે આપેલા શબ્દ નો વિરોધી શબ્દ લખો.

૧. ખુશકી (1)

VIII. છાતી ઠોકીને કહેવું નો રૂઢિપ્રયોગ લખો. (1)

## SECTION B (40 Marks)

સાહિત્ય ગુર્જરી (કવિતાઓ)

SAHITYA GURJARI (POEMS)

Question 5
Read the extract given below and answer in Gujarati the questions that follow
પ્રશ્ન 5. નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ગુજરાતીમાં જવાબ લખો.

'પ્રીત પ્રથમ કોણે કરી, નંદ કુંવર ની સાથ,
મન કહે, લોચના તે કરી, લોચન કહે તારે હાથ....'

ઝઘડો લોચન મન નો - દયારામ પ્રભુ ભટ્ટ
ZAGHDO LOCHAN MAN NO – DAYARAM PRABHU BHATT

પ્રશ્ન ૧. કવિ ની કોઈ પણ બે ઉત્તમ રચના ના નામ લખો. લોચન અને મન વચ્ચે કઈ બાબતે ઝઘડો થયો? (2)

પ્રશ્ન ૨. કાવ્ય નો પ્રકાર લખી કવિ ની રચનાઓ ના મુખ્ય લક્ષણો જણાવો. (2)

પ્રશ્ન ૩. મન લોચન ને શી ફરિયાદ કરે છે? ત્યારે લોચન મન ને શાશા ખુલાસાઓ આપે છે તે તબક્કાવાર જણાવો. (3)

પ્રશ્ન ૪. છેવટે ઝઘડા ના ન્યાય માટે બંને ક્યાં જાય છે? તેણે તેઓ નું સમાધાન શી રીતે કર્યું તે તમારા શબ્દો માં લખો.

(3)

Question 6

Read the extract given below and answer in Gujrarti, the questions that follow.

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ગુજરાતીમાં ઉત્તર લખો.

'વૃદ્ધ માતા અને તાત તાપે છે સઘડી કરી
અહો કેવું સુખી જોડું કર્તાએ નિરમ્યું દીસે.'

ગ્રામમાતા - સુરસિંહજી તખ્તસિંહજી ગોહિલ (કલાપી)

GRAMMATA – SURSINGHJI TAKHTSINGHJI GOHIL (KALAPI)

પ્રશ્ન ૧. કાવ્ય માં કઈ ઋતુ ની વાત છે? તેનું વર્ણન કરો. (2)

પ્રશ્ન ૨. કવિ નો યુગ લખો. તેમણે કવિતા ઉપરાંત શું લખ્યું છે? (2)

પ્રશ્ન ૩. માનવ ના વિચારો ની અસર કુદરત પાર શી રીતે થાય છે? (3)

પ્રશ્ન ૪. કોની આંખ માં આંસુ આવે છે? શા માટે? તેનું પરિણામ શું આવ્યું? (3)

Question 7

Read the extract given below and answer in Gujrarti, the questions that follow.

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ગુજરાતીમાં ઉત્તર લખો.

'છેલ્લા પરણામ અમારા જગત ને કહેજો
લીધા વિના આલ્યું સરવજી....'

પરણામ મારા - રામનારાયણ પાઠક 'શેષ'

PARNAM MARA – RAMNARAYAN PATHAK 'SHESH'

પ્રશ્ન ૧. કવિ કયા કયા ઉપનામ થી જાણીતા છે? તેમની લાક્ષણિકતા વર્ણવો. (2)

પ્રશ્ન ૨. પહેલા અને બીજા પરણામ કોને કર્યા છે? તેમને પરણામ કરવા થી મન પર શી અસર થાય છે? (2)

પ્રશ્ન ૩. અહીં મહાત્મા એટલે કોણ? કવિએ તેમને મહાત્મા કેમ કહ્યા છે? (3)

પ્રશ્ન ૪. પરણામ એટલે શું? કાવ્ય ને આધારે કોને કોને ક્યારે પરણામ કરવું આ જોઈએ? તમારા વિચારો દર્શાવો. (3)

સાહિત્ય ગુર્જરી (ટૂંકી વાર્તાઓ)

Sahitya Gurjari (Short Stories)

Question 8

Read the extract given below and answer in Gujrarti, the questions that follow.

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ગુજરાતીમાં ઉત્તર લખો.

"જુઓ તો ખરા, હજી કબૂલ કરતો નથી! નાહકનો હેરાન થશે. હવે તો ગરીબ માણસો પણ લુચ્ચા થઈ ગયા છે."

મજીનો પ્યાલો - ગુલાબદાસ બ્રોકર
Majino Pyaalo – Gulabdas Broker

પ્રશ્ન ૧. લેખકનો યુગ લખી તેમની વિશેષતા લખો. (2)
પ્રશ્ન ૨. ઉપરનું વાક્ય કોણ બોલે છે? કોના માટે બોલે છે? ક્યારે બોલે છે? (2)
પ્રશ્ન ૩. માજી અને મણીલાલના વર્તનથી બાળકો શું શીખે છે? ઉદાહરણ આપી સમજાવો. (3)
પ્રશ્ન ૪. ચાંદીનો પ્યાલો ક્યાંથી મળ્યો? તે મળ્યા પછી પણ માજી નોકર અને મહેતાજીને તેના વિશે કહેવાની કેમ ના પાડે છે? સમજાવો. (3)

Question 9

Read the extract given below and answer in Gujrarti, the questions that follow.

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ગુજરાતીમાં ઉત્તર લખો.

'વરતું કેમ નહિ, જોગીદાસ ખુમાણ! તારું ગણું ક્યાં અજાણ્યું છે?'

સાદ વરત્યો - ઝવેરચંદ મેઘાણી
SAAD VARTYO – ZAVERCHAND MEGHANI

પ્રશ્ન ૧. કોણે કોને કયા સમાચાર આપ્યા? (2)
પ્રશ્ન ૨. કુંવર ક્યાં જતા હતા? શા માટે? ત્યારે શું બન્યું? (2)
પ્રશ્ન ૩. ઉપર આપેલું વાક્ય કોણ બોલે છે? ક્યારે? કયા પ્રસંગે? (3)
પ્રશ્ન ૪. કઈ પ્રજા શા માટે જોધીદાસને જોવા ઉભી રહી? લોકો શી વાતો કરતા હતા? (3)

Question 10

Read the extract given below and answer in Gujrarti, the questions that follow.

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ગુજરાતીમાં ઉત્તર લખો.

'મારો દીવો સૌથી આગળ જઈ સર્વ ને વિસ્મિત કરશે એટલો મનોરથ સિદ્ધ થયો દેખાળવા જેટલો સદ્ભાવ કાલિન્દી એ તેના તરફ બતાવ્યો નહિ!'

જમના નું પૂર - રામનારાયણ વિશ્વનાથ પાઠક
JAMNA NU POOR – RAMNARAYAN VISHVANATH PATHAK

પ્રશ્ન ૧. કવિ વિશે રસિકલાલ પરીખ એ શું કહ્યું હતું? કવિનો યુગ લખો. (2)

પ્રશ્ન ૨. વાર્તા નાયિકા એ શું મનસૂબો કર્યો હતો? તે માટે મછુઆ એ તેને મદદ કરવા શા માટે ના પાડી? (2)

પ્રશ્ન ૩. ઉપર આપેલું વાક્ય પાથ ના આધારે તમારા શબ્દ માં સમજાવો. (3)

પ્રશ્ન ૪. ' ચડે તે પડે ' એ ન્યાયે આ સ્ત્રી સાથે કઈ ઘટના બની તે દ્વારા લેખક શું સંદેશ આપે છે? (3)